શહેરોને તંદુરસ્ત અને ગામડાના અર્થતંત્રને મજબૂત કરતી સંસ્થા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા



Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૧૦ | વર્ષ - ૨ | એપ્રિલ - ૨૦૨૩

www.dudhsagardairy.coop | twitter.com/dudhsagardairy | dudhsagardairyofficial | youtube.com/c/DudhsagardairyCoop


**મહેસાણા - પાટણ - ગાંધીનગર - દિલ્હી - હરિયાણા - ઉત્તરપ્રદેશ - હિમાચલ અને હવે મધ્યપ્રદેશ સુધી**

## દૂધસાગર उड़ान




અનેક વિટંબણાઓ, સમસ્યાઓ, પડકારો વચ્ચે ખોબલે ખોબલે મત આપી એક કૂશળ અને કર્તવ્યનિષ્ઠ નિયામક મંડળના હાથમાં આ દૂધની સંસ્થાનો વહિવટ આપનાર પશુપાલકોની આશાઓ અને અપેક્ષાઓ વચ્ચે કામ કરવાનો અને તેમાં સફળ થવાનો કઠીન સમય વહિવટ સંભાળ્યાના પહેલા દિવસથી જ શરૂ થઈ ગયો હતો. પણ કોઈએ કહ્યું છે ને કે ; સાચી લાગણી - સચોટ ઉદ્દેશ અને થાક પણ થાકી જાય તેવી મહેનત ઉપર ઈશ્વરના પણ આશિર્વાદ રહેતા હોય છે.

**સાચી લાગણી - સચોટ ઉદ્દેશ અને થાક પણ થાકી જાય તેવી મહેનત ઉપર - ઉપરવાળાના પણ આશિર્વાદ રહેતા હોય છે !!**

દૂધસાગર ડેરી દ્વારા અગાઉ ગુજરાત રાજ્ય બહાર રાજસ્થાન અને હરિયાણામાં દૂધ સંપાદન અને તેના વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સંસ્થાએ તે માટે કરોડો રૂપિયાનું આર્થિક રોકાણ પણ - માનેસર અને ધારૂહેડા ખાતે કર્યુ હતું. વિતેલા કેટલાક વર્ષોમાં વ્યક્તિગત વૈચારિક મતભેદોએ જાણે મનભેદનું સ્વરૂપ લીધું હોય તેમ આ સંસ્થાનું સરકાર અને ફેડરેશન સાથેનું તાદાત્મય તૂટી ગયું હતું અને છેલ્લા પંદર વર્ષોમાં અન્ય સંઘોની સરખામણીમાં દૂધસાગર ડેરીને ભારે નુકશાન પહોંચવા પામ્યું હતું. એક અદ્રશ્ય શૂન્યાવકાશ મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. ને ચારે તરફથી ઘેરી વળ્યો હતો. ભારતના મહત્વના રાજ્યોમાં ગુજરાતના અન્ય દૂધસંઘોએ - અમૂલના સહકારથી પોતાનો વેપાર વિસ્તારી દીધો હતો. દૂધમાંથી બનતી ચોકલેટ જેવી વેલ્યુએડેટ પ્રોડક્ટ્સ માટે ફેડરેશનની મંજૂરી મેળવી અને સમય સાથે તાલ મીલાવી દીધો હતો. પરંતુ, આપણા કમનસીબે વિતેલા પંદર વર્ષ દૂધસાગર સંઘ માટે એક અર્થમાં વનવાસ જેવા નિવડ્યા.

પરંતુ, વ્યકિત હોય કે સંસ્થા દરેકનું સમયચક્ર ક્યારેય એક જેવું નથી રહેતું. સમયની સવાર અને સમયની સાંજ સૌને ત્યાં ઉગતી અને આથમતી જોવા મળે છે. દૂધસાગરમાં પણ, શ્રી.અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં નવા નિમાયેલા નિયામક મંડળના આગમન બાદ સુખના સૂર્યોદયનો અનુભવ થવા લાગ્યો છે. દૂધસાગર ડેરીની વર્તમાન ટીમની દૂરંદેશીતાથી સાગરનો વ્યાપ વિસ્તારી મહાસાગર બનાવવાનો નિર્ધાર હવે ધીમે ધીમે સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. સરકાર અને ફેડરેશન સાથેના સૂમેળ ભર્યો સબંધો તથા વહિવટીય કૂશળતા હવે રંગ લાવી રહી છે અને આપણી દૂધસાગર ડેરી હવે અણદીઠી ભોમકા ઉપર પોતાના પદચિન્હો પાથરી રહી છે. એક જ વર્ષના ટૂંકા ગાળામાં દૂધસાગર ડેરીએ રાજસ્થાનના ફાલના, ઉત્તર પ્રદેશના શામલી, હરિયાણાના ધરૌન્દા અને લાડવા તેમજ મધ્યપ્રદેશના કરેરા અને ભાવખેડી ખાતે થર્ડપાર્ટી (ડેરી ઉપર કોઈ આર્થિક ભારણ વગર) નવીન ચિલીંગ સેન્ટરો સ્થાપિત કરી દૂધસંપાદન અને વિતરણની વ્યવસ્થા ઉભી કરી દીધી છે.




**મધ્યપ્રદેશ (દતિયા)**

ગ્વાલિયરથી દક્ષિણ તરફ અને ઝાંસીથી 30 કિલોમીટરે ઉત્તર દિશામાં ચારેય તરફ શેરડીના ખેતરોથી ઘેરાયેલો પ્રદેશ એટલે દતિયા ! આ દતિયા ; કે જ્યાં દેશી ગોળની ભઠ્ઠીઓ અને ભેંસોને ભાવતા ગોળનું પીઠું છે તેવી જગ્યાએ દૂધનો મલક ગણાતી દતિયાની ભૂમિ ઉપર દૂધસાગર ડેરીનું ત્રીજું ચિલીંગ સેન્ટર આકાર લઈ રહ્યું છે.




**મધ્યપ્રદેશ (ભાવખેડી)**

મધ્યપ્રદેશના શિવપુરી કે જ્યાં 1857 ના આઝાદીના યુધ્ધમાં અંગ્રેજોને ધોળા દિવસે તારા દેખાડનાર વીર તાત્યા ટોપેને 1859 માં ફાંસીની સજા આપવામાં આવી હતી. ત્યાંથી 12 કિલોમીટર દૂર આવેલા ભાવખેડીમાં આપણા બીજા ચિલીંગ સેન્ટરની સ્થાપના કરી દેવામાં આવી છે.



**મધ્યપ્રદેશ (કરેરા)**

આઝાદીની વિરાંગના મહારાણી લક્ષ્મીબાઈની વિરાસત એવી ઝાંસીથી 45 કિલોમીટર દૂર જ્યાં ઝાંસીની રાણીની વિરગાથાને સંભારતો જીર્ણ કિલ્લો આવેલો છે તેવા કરેરા ખાતે નવીન 50 હજાર લિટર પ્રતિદીવસની ક્ષમતાનું ચિલીંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.



**હિમાચલ પ્રદેશ (ઉના)**

શીખ ધર્મના સંસ્થાપક એવા ગુરૂનાનક દેવના વંશજોનો જ્યાં કિલ્લો આવેલો છે અને આ સ્થળ કે જે આજુબાજુના સો કિલોમીટરનું વાણિજ્ય કેન્દ્ર ગણાય છે ત્યાં દૂધસાગર ડેરી દૂધ સંપાદન અને દૂધ વિતરણની વ્યવસ્થા ઉભી કરવા હાલમાં કાર્યરત બની છે.




**હિમાચલ પ્રદેશ (બિલાસપુર)**

ભારતના પ્રસિધ્ધ હિલ સ્ટેશન એવા શીમલાથી 75 કિલોમીટર દૂર આવેલી ચંદેલ રાજપૂતોની રાજધાની અને સતલજ નદીના ભવ્ય ભૂતકાળને પોતાના ખોળામાં રમાડતી ધરતી એટલે બિલાસપુર !! આ બિલાસપુરની ફળદ્રુપ પહાડના ઢોળાવ ધરાવતી ભૂમિ ઉપર હાલ દૂધસાગર ડેરીનું શીતકેન્દ્ર આકાર લઈ રહ્યું છે.



**હિમાચલ પ્રદેશ (નાદોન)**

પ્રસિધ્ધ પર્યટન સ્થળ ધર્મશાલાથી 60 કિલોમીટર દૂર પ્રખ્યાત જ્વાલામુખી માતાના મંદિરથી 12 કિલોમીટર નજીક આવેલ હમીરપુર જીલ્લાનું નાદોન શહેર એટલે City of Innocent. ગુરૂ ગોવિંદસિંહે ઔરંગઝેબની સેનાને જ્યાં હરાવી હતી તે શિવાલીકની ટેકરીઓ વચ્ચે વસેલ બિયાસ નદીના કિનારે આપણો પ્રોસેસીંગ પ્લાન્ટ બનશે તથા આપણુ દૂધ હવે શીમલા - કુલુ - મનાલી - ધર્મશાલા અને પાલમપુર જેવા શહેરોમાં વેચાશે.



**હરિયાણા (ધરૂંડા અને લાડવા)**

મહાભારતનું યુધ્ધ જ્યાં લડાયું હતું તે ધર્મક્ષેત્ર - કુરુક્ષેત્રની ધરતી ઉપર આપણી દૂધસાગર ડેરીના પવિત્રતાના પગલાં હાલમાં થઈ ચૂક્યા છે. અહીં આવેલા લાડવા અને ધરોન્દા જેવા વિસ્તારોમાં હાલમાં આપણા ચિલીંગ સેન્ટરો આકાર લઈ રહ્યા છે અને ખરીદીની પારદર્શકતા તથા સમયસર બિલની ચૂકવણીને કારણે લોકો દૂધસાગર પરિવારમાં હોંશે હોંશે સબંધ સ્થાપિત કરી રહ્યા છે.

# દૂધસાગર દાયિત્વ : આવો આહાર એજ ઔષધ સૂત્રને સાર્થક કરીએ

INTERNATIONAL YEAR OF MILLETS 2023

# આપણો પરંપરાગત આહાર અપનાવીએ

G20 भारत 2023 INDIA









હાલમાં, ભારત અને વિશ્વ જ્યારે INTERNATIONAL YEAR OF MILLETS ઉજવી રહ્યું છે ત્યારે યોગની જેમ ભારતનું પરંપરાગત જાડુ ધાન્ય (MILLETS) વિશ્વ માન્યતા પ્રાપ્ત કરી રહ્યું છે. એક અર્થમાં પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી આપણી વારસાગત સંસ્કૃતિ અને ભોજન પ્રણાલીકાને જીવંત કરી ભારતને વિશ્વગુરૂ બનાવવાનું એક કદમ આગળ વધી રહ્યા છે ત્યારે દૂધસાગર ડેરી સંલગ્ન તમામ દૂધ ઉત્પાદક મંડળીઓ તેમજ મિલ્ક કલેક્શન સેન્ટરોના કાર્યવાહકો તથા દૂધ ગ્રાહકોને આપણા પરંપરાગત જાડા ધાન્યને અપનાવવાની અપીલ કરી રહી છે.

આજના સમયે આપણે ભોજન પ્રત્યે જાગૃત ના હોવાથી હોટલો અને હોસ્પિટલો સમાન માત્રામાં વધી રહી છે અને બંને હાઉસફૂલ હોય છે !! આ બંનેના બિલ પણ સમયાંતરે મોટા ને મોટા થતા જાય છે !! આજે દરેક ઘરમાં અથવા તો પડોશમાં કોઈને કોઈ વ્યક્તિને પેટ, સાંધા, હૃદયરોગ જેવા કોઈને કોઈ પ્રકારના રોગોથી પીડાતા હોય છે તેનું એક માત્ર કારણ છે આપણો આહાર !! જીવનમાં ઘણાં તબક્કે પ્રસંગો અને જીવન માણવાની - જીવન જીવવાની ઘડીઓ આવે છે અને તેવા જ સમયે બિમારીની એન્ટ્રી થઈ જાય છે તથા જીવન નિરસ થઈ જાય છે.

મિલેટ (જાડુ ધાન્ય) એ બીજા સ્વરૂપનું એવું ધાન્ય છે જે સદીઓથી ભારતના લોકો માટે પરંપરાગત આહારનો મુખ્ય ભાગ હતો. પરંતુ, આધુનિક જીવનશૈલી અને અન્ય કાર્યોને લીધે મિલેટનો ઉપયોગ દિન પ્રતિદીન ઓછો થઈ રહ્યો છે. ભારતદેશના વિવિધ ભાગોમાં વિવિધ પ્રકારના મિલેટ વપરાતા આવ્યા છે. જેમાં - બાજરો, જુવાર, રાગી (બાવટો) એ લગભગ લગભગ ભારતના તમામ પ્રદેશોના આહારમાં સામેલ છે. તો દક્ષિણ ભારતમાં મોરૈયો, કોદરી, કાંગ અને સામા (સામો) પ્રકારના ધાન્યનું પ્રમાણ વધારે જોવા મળે છે. મિલેટમાં રહેલા પ્રોટીન, રેસા, ખનીજ તત્વો (કેલ્શિયમ અને લોહ તત્વ) વગેરેના લીધે તે ખૂબ જ પૌષ્ટિક છે. આ ઉપરાંત, આવાં ધાન્યો ગ્લુટેન ફ્રી હોવાથી પચવામાં પણ સરળ હોય છે. હાલમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2023 ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઘોષીત કરવામાં આવ્યું છે ત્યારે દૂધસાગર પત્રિકાના વાંચકોએ જાણી લેવું જોઈએ કે મિલેટ એટલે બાજરો નહીં પણ જાડુ અને હલકું તૃણ ધાન્ય !!

મિલેટ ની શ્રેણીમાં ભારતમાં 25 પ્રકારના ધાન્ય થાય છે. ધીરે ધીરે આ ધાન્ય અદ્રશ્ય થવાના આરે હતા ત્યારે આપણા વડાપ્રધાનશ્રી.ની દૂરંદેશીને કારણે હવે જીવંત થશે. આ ધાન્યની ખેતીમાં ભારત અગ્રેસર છે. વિશ્વના કુલ મિલેટ પ્રકારના ધાન્યના ઉત્પાદનમાં એકલા ભારતનો જ 41% હિસ્સો છે. ઘાસ કૂળનું આ ધાન્ય ગ્લુટેન ફ્રી હોય છે બીજું તેમાં ફાયબરનું પ્રમાણ વધુ હોવાથી કબજિયાત રહેતો નથી. આપણે જાણીએ છીએ કે દરેક રોગનું મૂળ કબજિયાત જ હોય છે. ભારતમાં થતા 25 ધાન્ય (મિલેટ) પૈકી ગુજરાતમાં 7 ધાન્ય જાણીતા છે : (1) કાંગ (Foxtail Millet) (2) કોદરો (Kodo Millet) (3) સામો (Barnyyard Millet) (4) ગજરો/કુરી (Little Millet) (5) રાગી (Finger Millet) (6) બાજરો (Pearl Millet) (7) જુવાર (Great Millet)

મૈસુરના નિષ્ણાંત ખેતી વૈજ્ઞાનિક ડૉ.ખાદરવલ્લી ભારતીય મિલેટ મેન તરીકે ઓળખાય છે. જેમણે ભારતીય ખોરાકમાં શ્રી ધાન્યના વપરાશ માટે ઝુંબેશ ઉપાડેલ છે. શ્રી એટલે સંપત્તિ !! આપણું આરોગ્ય એજ મોટી સંપત્તિ છે. એ અર્થમાં શ્રી એટલે મિલેટ ધાન્ય આપણા આરોગ્ય માટે ઉત્તમ આહાર છે. આ ધાન્ય પાકો ઓછા વરસાદમાં અને વિષમ પરિસ્થિતીમાં ઉગી શકે છે. ઓછા સમયમાં તે પાકે છે. આ પાકોમાં જંતુનાશક દવાઓ કે રાસાયણિક ખાતરોની જરૂર પડતી નથી. આ ધાન્યો ટ્રેડિશનલ પણ છે. આ ઉપરાંત, આ ધાન્યનો ચારો પશુઓ માટે પણ મહત્વનો છે. આ ધાન્ય પક્ષીઓને પણ પ્રિય છે. આજે મિલેટ્સ ધાન્ય સુપરફુડ તરીકે ઉભરી આવ્યું છે.

આપણે ત્યાં બાજરો અને જુવાર જાણીતું ધાન્ય છે. ડાંગના આદિવાસીઓની રાગી (નાગલી) થી પણ આપણે પરિચીત છીએ. આ ત્રણેય ધાન્ય કરતાં પણ ; કાંગ, સામો, કોદરો અને ગજરો પ્રકારના ધાન્ય વધારે ઉપયોગી છે. આ ચારેય ધાન્ય સકારાત્મક ગણાય છે. જ્યારે બાજરો, જુવાર અને રાગી ન્યુટ્રલ ગણાય છે. ઘઉં, ચોખા, મકાઈ (સ્વીટ કોર્ન) નકારાત્મક ધાન્ય છે. જો કે દેશી મકાઈ ન્યુટ્રલ ગણાય છે.

(વધુ આગળના પેજ ઉપર)

## દૂધસાગર દાયિત્વ :

INTERNATIONAL YEAR OF MILLETS 2023

(ક્રમશ : આગળના પેજથી)

કાંગ એ મધુપ્રમેહ (ડાયાબિટીસ) માં ખૂબ જ ફાયદો કરે છે. કોલેસ્ટ્રોલ ઘટાડે છે. ચામડીના તમામ રોગોમાં ઉપયોગી છે. સામો એ થાઈરોઈડ અને સ્વાદુપિંડ માટે ઉપયોગી છે. રાગી એનિમીયા થી બચાવે છે. રાગી ફણગાવીને ખાવાથી વિટામીન સી મળે છે અને તે આયર્નથી ભરપૂર હોય છે.

આજે ભારતના લગભગ તમામ શહેરોમાં આહાર તરીકે ઘઉં અને ચોખાનો વપરાશ 95 % છે. અને બાજરી, જુવાર અને મકાઈનો વપરાશ માત્ર 4.5% છે. તો રાગી, સામો, કોદો, કાંગ અને ગજરા નામના ધાન્યોનો માત્ર 0.5% ઉપયોગ થાય છે.

ભારતના ગામડાઓમાં આજની તારીખે ઘઉં અને ચોખાનો ૮૫% વપરાશ થાય છે. તો ; બાજરી, જુવાર અને મકાઈ 14% ખવાય છે. ગામડાના 1% લોકો નાગલી, સામો, કોદો, કાંગ અને ગજરો ખાય છે. આપણે આશા રાખીએ કે, આ અડધા અથવા એક ટકામાં વપરાતા નાગલી, સામો, કોદો, કાંગ અને ગજરા જેવા ઉત્તમ ધાન્યોને આપણે વધુમાં વધુ અપનાવી આપણી સાથે દેશની સંયુક્ત તંદુરસ્તીને પણ તંદુરસ્ત બનાવીએ !!

તો ... ચાલો આપણે તંદુરસ્ત દૂધસાગર પરિવારની ભાવનાથી આ મિલેટ વર્ષની ઉજવણીના ભાગીદાર બની વધુમાં વધુ આ મિલેટ ધાન્યો માટે લોકોને જાગૃત કરીએ અને આપણા પરિવારના રોજબરોજના ભોજનમાં તેનો ઉપયોગ કરી આપણા પરિવાર સાથે સમાજ અને દેશની તંદુરસ્તીને ખૂબસૂરત બનાવીએ અને રોગમુક્ત રહીએ.

બાજરા, જુવાર અને નાગલીના રોટલાની સાથે આ શ્રી ધાન્ય (મિલેટ ધાન્ય) માંથી ઉપમા, ખીચડી, પુલાવ, શીરો અને ઈડલી જેવી મનગમતી વાનગીઓ બનાવીને આ ધાન્યને ખાવાની શરૂઆત કરીએ. શરૂઆતમાં ઘઉંના લોટ સાથે જુવાર કે રાગીનો લોટ મિક્સ કરી રોટલી બનાવો. ખીચડી કે પુલાવમાં ચોખાની જગ્યાએ કોદો વાપરીએ. ઈડલીમાં ચોખાની જગ્યાએ રાગી વાપરી એક જબરજસ્ત સ્વાદ સાથે આરોગ્ય આપે તેવી વાનગીનું નિર્માણ કરીએ અને ઉપમા બનાવવા આજ સુધી જે રવો વાપરતા હતા તે બંધ કરી કાંગનો લોટનો ઉપયોગ કરીએ. આ ઉપરાંત ઘર માં ૫૦ વર્ષથી વધુ ઉંમરના વડિલોએ તો ઘઉંનો ઉપયોગ બને એટલો ઘટાડી દેવો જોઈએ. ૮% લોહ તત્વ ધરાવતી બાજરી, જુવારની સાથે ૩૫% કેલ્શિયમ ધરાવતું પૃથ્વીનું એક માત્ર અનાજ રાગીને અપનાવવું જોઈએ. જે લોકો આવાં શ્રી ધાન્યોને અપનાવે છે તેમને સો વર્ષ સુધી નિરોગી રહેવામાં મદદ મળે છે. આ રીતે જવ એ પણ ભારતની ભૂમિનું દિવ્ય અન્ન છે. તેમાં વિટામીન B૧૨ નો મહાસ્ત્રોત છે. કિડનીની બિમારીઓ, તાવ, પેટના અસાધ્ય રોગો, ડાયાબિટીશ અને વિવિધ અંગોના દુઃખાવાને જડમૂળથી ખતમ કરી દેતા આ ધાન્યોને અપનાવવાનો સમય આવી ગયો છે. આપણે હવે, આહાર એજ ઔષધ સૂત્રને અપનાવી પોતાની સાથે સમાજને તંદુરસ્ત કરવાની દિશામાં આગળ વધવું પડશે. સમાજને પોતાના શુધ્ધ દૂધથી તંદુરસ્ત કરતી આપણી ડેરી આ ધાન્યોને પણ અપનાવશે. **જય દૂધસાગર - તંદુરસ્ત દૂધસાગર**

## ગુજરાત રાજ્યમાં પ્રથમવાર મીઠાઈ ઉત્પાદક આપણી

# સહયોગ હવે સરકાર તરફથી પણ

**શ્રેષ્ઠતાનું સર્ટીફીકેટ**

**કોઈ પરિવાર - સંસ્થા - સંગઠન જ્યારે સચોટ નેતૃત્વને પ્રાપ્ત કરે છે. ત્યારે ; ધીમી પણ નક્કર ગતિએ તેનો ઉદય નિશ્ચિંત હોય છે.**

(સરદાર વલ્લભભાઈ પટેલ)



દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પૂરવઠા સહકારી મંડળી દ્વારા સંચાલિત મીઠાઈ અને દૂધ આધારિત ચીજવસ્તુઓનું વેચાણ કરતી સહયોગ બ્રાન્ડને ગુજરાતમાં પ્રથમવાર મીઠાઈ બનાવતી કોઈ સંસ્થાને FSSAI એટલે કે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સ્વચ્છતા, ગુણવત્તા અને પ્રામાણિકતા અંગેનું બેસ્ટ હાઈજેનિકનું પ્રમાણપત્ર મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આમ તો, ઉત્તર ગુજરાતના તમામ શહેરો અને મહેસાણા ઉપરથી પસાર થતા તમામ મુસાફરો તથા પોતપોતાના ક્ષેત્રમાં સફળતાના માપદંડ સ્થાપિત કરનાર તમામ લોકો અહીં થી મીઠાઈ અને અન્ય વસ્તુઓ ખરીદવાનું અચૂક ચૂકતા નથી હોતા. તાજેતરમાં મહેસાણા કલેક્ટરશ્રી. એમ.નાગારાજન તથા મહેસાણા જિલ્લા પોલીસવડા શ્રી. અચલ ત્યાગીજીના વરદ્દહસ્તે સહયોગના કૂશળ અને સમર્પિત ચેરમેન શ્રી. ફાલ્ગુનભાઈ ચૌધરી, વાઈસ ચેરમેનશ્રી. દિલીપસિંહ જાડેજા અને મેનેજરશ્રી. ભરતભાઈ ચૌધરીએ સંસ્થાવતી આ પ્રમાણપત્ર સ્વીકાર્યુ હતું.

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીની ટીમમાં

# સરકારશ્રી ના 3 સદસ્યો સામેલ

## શ્રી. બળદેવભાઈ જેસંગભાઈ ચૌધરી (બાલવા-તા.માણસા-જી.ગાંધીનગર)

દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રની પ્રથમ દશ મંડળીઓમાં આવતી એક મંડળી એટલે કે બાલવા.



**બળદેવભાઈ એટલે અસત્યની સામે નિર્ભયપણે લડતું વ્યક્તિત્વ**

દૂધનો મોટો જથ્થો ધરાવતા આ ગામના દૂધ ઉત્પાદકોને દૂધના ઓછાભાવ મળતા હોવાની ફરિયાદ સાથે બળદેવભાઈ ચૌધરીની આગેવાનીમાં મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક હિત રક્ષક સમિતિની રચના થઈ અને લોકશાહી ઢબે લડતના મંડાણ થયા.

બળદેવભાઈ ઉપર ઈશ્વરની હંમેશા કૃપા રહી છે. તેમના બે પુત્રો અમેરિકામાં સ્થાયી થયેલા છે

## સંસ્થાનું વર્તમાન નિયામક મંડળ

૧. શ્રી. અશોકકુમાર બી. ચૌધરી (ચેરમેનશ્રી)
૨. શ્રીમતી. જશીબેન આર. દેસાઈ (વાઈસ ચેરમેનશ્રી)
૩. શ્રી. અમરતભાઈ એમ. દેસાઈ
૪. શ્રી. સરદારભાઈ એસ. ચૌધરી
૫. શ્રી. લક્ષ્મણભાઈ કે. પટેલ
૬. શ્રી. કનુભાઈ ડી. ચૌધરી
૭. શ્રી. રમેશભાઈ એમ. રબારી
૮. શ્રી. યોગેશભાઈ જી. પટેલ
૯. શ્રી. દિલીપકુમાર એસ. ચૌધરી
૧૦. શ્રીમતી રમીલાબેન આર. ઠાકોર
૧૧. શ્રી. શકતાભાઈ એમ. ભરવાડ
૧૨. શ્રીમતી. જબુબેન એમ. ઠાકોર
૧૩. શ્રી. દશરથભાઈ એસ. જોષી
૧૪. શ્રી. કમલેશભાઈ વી. પટેલ
૧૫. શ્રી. બળદેવભાઈ જે. ચૌધરી
૧૬. શ્રી. પ્રધાનજી એન. ઠાકોર
૧૭. શ્રી. પ્રવીણભાઈ એમ. પટેલ

## શ્રી. પ્રધાનજી નથ્થુજી ઠાકોર

(ખારેડા-તા.સરસ્વતી-જી.પાટણ)



સાદુ જીવન - ઉચ્ચ વિચાર ધરાવતા પ્રધાનજી ઠાકોર એટલે દૂધસાગર ડેરીના સાચા અર્થમાં શુભચિંતક !! સંસ્થાના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીના આત્મીયજન ગણાતા પ્રધાનજી ઠાકોર એટલે ખાટલામાં બેસી રકાબીમાં ચાહ પીવાની નાનપ ના અનુભવતો માણસ

ભૂતકાળમાં પાટણ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન રહી ચૂકેલા શ્રી. પ્રધાનજી ઠાકોર સરસ્વતી તાલુકાના ભાજપ સંગઠનના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. તેઓ અગાઉ દૂધસાગર ડેરીના નિયામક મંડળમાં સેવાઓ આપી ચૂક્યા છે. શ્રી. પ્રધાનજી ઠાકોરની સરકારના પ્રતિનીધી તરીકેની વરણી અઢારે આલમે વધાવી છે.

## શ્રી. પ્રવીણભાઈ મોહનભાઈ પટેલ

(રણશીપુર-તા.વિજાપુર-જી.મહેસાણા)



રણશીપુર ગામની તમામ સંસ્થાઓમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં શરૂઆતથી જ અગ્રેસર ભૂમિકા ભજવનાર શ્રી. પ્રવીણભાઈ પટેલે દૂધ ઉત્પાદક હિત રક્ષક સમિતી દ્વારા દૂધના ભાવો અંગે લડત શરૂ થઈ ત્યારે વિજાપુર તાલુકાની પોતાની જવાબદારી તન - મન અને ધનથી નિભાવી હતી.

જન્મજાત પશુપાલક એવા પ્રવીણભાઈ પટેલ પોતાના ગામના મોટા દૂધ ઉત્પાદક અને પ્રગતિશીલ ખેડૂત છે

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. માં પ્રવીણભાઈ પટેલ જેવા ભૂમિગત અને સજ્જન વ્યક્તિત્વની સરકાર તરફથી વરણી આવકાર દાયક છે.

# ભારતમાં હવે બીજી શ્વેતક્રાંતિની શરૂઆત થશે : શ્રી.અમિતશાહ




તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ ૪૯ માં ડેરી ઉદ્યોગ કોન્ફરન્સમાં હાજર રહેલ કેન્દ્રના ગૃહ અને સહકાર મંત્રી શ્રી.અમિતભાઈ શાહે પોતાના સંબોધનમાં ડેરી ઉદ્યોગના ઉજળા ભવિષ્ય માટે આશાવાદ વ્યક્ત કર્યો હતો. તેઓએ આ પ્રસંગે જણાવ્યું કે ; ભારતે દુનિયાનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ હોવાનો સંતોષ માનવો જોઈએ નહીં. પણ, વિશ્વના ડેરી ક્ષેત્રના સૌથી મોટા નિકાસકાર બનવાનો ધ્યેય રાખવો જોઈએ. સહકારી મોડલ મજબૂત બનાવવાની સરકારની કટિબદ્ધતાની જાહેરાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે ; આપણે આજે પ્રતિદીન ૬ કરોડ લિટરથી વધીને ૫૮ કરોડ લિટર સુધી પહોંચ્યા છીએ. અમૂલનું ટર્નઓવર ૫૩ હજાર કરોડ થયું છે. જેમાં ૩૬ લાખ ખેડૂત પરિવારો જોડાયેલા છે. દૂધ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ૨૧ ટકા થયો છે. ડેરી અને પશુપાલન ક્ષેત્રનું દેશના જીડીપી માં ૪.૫ ટકા યોગદાન છે. તો કૃષિ જીડીપી માં ડેરી ક્ષેત્રનું યોગદાન ૨૪ ટકા છે. ઈન્ડિયન ડેરી સમીટના ત્રીજા અને આખરી દિવસે પોતાના પ્રવચનમાં સહકાર મંત્રીશ્રી.એ જણાવ્યું હતું કે આ કોન્ફરન્સની થીમ "ભારત વિશ્વની ડેરી - તકો - પડકારો "રાખવામાં આવી છે. આપણી દૂધ પ્રોસેસિંગની ક્ષમતા દૈનિક ૧૨૬ મિલીયન લિટર છે. જે વિશ્વમાં સૌથી વધુ છે. વર્ષ ૧૯૭૦ થી ૨૦૨૨ વચ્ચે ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. પણ દૂધનું ઉત્પાદન આ ગાળામાં દશ ગણું થયું છે. આપણે આટલે થી સંતોષ નથી માનવાનો આપણે ડેરી ક્ષેત્રમાં વિશ્વના સૌથી મોટા નિકાસકાર બનવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. ભારતમાં બીજી શ્વેત ક્રાંતિની જરૂર છે.

દશ વર્ષથી ભારતનો ડેરી ક્ષેત્રનો વિકાસ વર્ષે ૬.૬ ટકાના દરે થયો છે. સરકાર ગામડાઓમાં ૨ લાખ ડેરી સહકારી મંડળીઓ સ્થાપી રહી છે. આ ધ્યેય સાકાર થશે એટલે આ ક્ષેત્રનો વૃધ્ધિ દર વધીને ૧૩.૮૦ ટકા થશે અને વિશ્વના દૂધ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો વધીને ૩૩ ટકા થઈ જશે. દેશના દૂધ ઉત્પાદનનાં ગુજરાત ૨૦ ટકા હિસ્સા સાથે મોખરાનું સ્થાન ધરાવે છે અને આ ઉદ્યોગ ભારતને આત્મનિર્ભર ભારતની પ્રધાનમંત્રીની સંકલ્પનાને સૌથી મોટી મદદ કરી રહ્યો છે. સહકારી માળખામાં વિશ્વાસપૂર્વક એક બનેલા ખેડૂતો અને પશુપાલકોનું સંગઠન, મજબૂત સપ્લાય ચેઈન તથા માળખાકીય સુવિધાઓમાં રોકાણને કારણે ભારતે ડેરી ઉદ્યોગક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. આપણે આપણા દૂધના ઉત્પાદનો એક કક્ષાએ લઈ જવાના છે કે વિદેશના બજારમાં તે સ્વિકારાય. હાલમાં, આપણે આપણી દૂધ આધારિત વિવિધ પ્રોડક્ટ્સનો ૨૦ ટકાનો હિસ્સો નિકાસ કરી રહ્યા છીએ.

ગાંધીનગર હેલીપેડ ગ્રાઉન્ડ એક્ઝિબિશન હોલ ખાતે યોજાયેલ આ ૪૯ મી ડેરી ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાથે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના તમામ ડિરેક્ટરશ્રીઓ સાથે દૂધસાગર કાર્યક્ષેત્રના પ્રગતિશીલ પશુપાલકો અને ખેડૂતો હાજર રહ્યા હતા. આ સમિટમાં વિશ્વ કક્ષાએ ઉત્પાદિત થતી ડેરી પ્રોડક્ટ્સ તથા ડેરીને લગતા સાધનોનું એક ભવ્યાતિભવ્ય પ્રદર્શન યોજાવામાં આવ્યું હતું. તેમજ, વિશ્વ કક્ષાએ ડેરી ઉદ્યોગના નિષ્ણાંત તજજ્ઞો તથા વૈજ્ઞાનિકોએ ત્રણ દિવસ સુધી ડેરી ઉદ્યોગને નવી ઉંચાઈએ લઈ જવા વિવિધ સેમિનારો કરી પોતાના મંતવ્યો અને આવિષ્કારો તથા વિચારો રજૂ કર્યા હતા.

**49 મી ડેરી ઉદ્યોગ કોન્ફરન્સને કેન્દ્રિય સહકાર મંત્રીનું સંબોધન**

• • • • • •

**ગામડાઓમાં 2 લાખ ડેરી સહકારી મંડળીઓ સ્થપાતાં વૃધ્ધિદર 13.80 ટકા થશે**

• • • • • •

**દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સહિત અમૂલ ફેડરેશન સાથે જોડાયેલા તમામ સંઘોના ચેરમેનશ્રીઓએ શ્રી.અમિતભાઈનું સ્વાગત કર્યુ**

## આપણી છ લાખ પશુપાલક પરિવારો સાથે જોડાયેલી દૂધસાગર ડેરી અજરા અમર છે એના ભવિષ્યને આજે કાયદાકીય રીતે સલામત કરી લેવું જોઈએ : અશોકભાઈ ચૌધરી

### આશરે ૧ કરોડ ૨૦ લાખના ખર્ચે દૂધસાગરનું ભવિષ્ય સરકારની તમામ મંજૂરીઓ સાથે સુરક્ષિત



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) ની સ્થાપનાથી લઈ આજ સુધી તેના વિવિધ વિસ્તારના વિવિધ એકમો ઉપર થયેલા બાંધકામ તથા અન્ય જરૂરી સરકારી પરમિશનો, માન્યતાઓ અને પ્રમાણપત્રો કોઈ કારણોસર લેવામાં વિલંબ થવા પામ્યો હતો. મહેસાણા દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેનશ્રીને આ બાબત ધ્યાનમાં આવતાં સરકાર તરફથી મળતી વિવિધ નોટીસોનો અંત લાવી દેવાનું તેમણે નક્કી કર્યુ અને વિતેલા દિવસોમાં સરકારની ઈમ્પેક્ટ ફી સ્કિમનો લાભ લઈ આશરે ૧ કરોડ ૨૦ લાખ રૂપિયાની રકમ વિવિધ નગરપાલિકાઓ અને સરકારી એકમોમાં ભરી દૂધસાગર ડેરીને સરકારી કાયદા - કાનૂન તથા નિયમોથી સંપૂર્ણ રીતે સુરક્ષિત કરી લેવાઈ છે. જેમાં મહેસાણા નગરપાલિકા ખાતે નવિન પાવડર પ્લાન્ટ તથા UHT બિલ્ડીંગની બાંધકામની પરવાનગી, નવિન વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના બાંધકામની પરવાનગી, એચ.બ્લોક સ્ટાફ ક્વોટર્સ, ડેરી ટેક્નોલોજી કોલેજનું બાંધકામ, એસ.સી.એમ. કોલ્ડસ્ટોરેજનું એક્સ્ટેન્શન, કેરાકેન ગોડાઉન, પાઉચ સેક્સન એક્સ્ટેન્શન, એસ.સી.એમ. ગોડાઉન (પેકીંગ મટીરીયલ્સ), સી.સી.ટી.વી. કેમેરા રૂમ આ સાથે કડી નગરપાલિકામાંથી એક્સ્ટેશન બટર પ્રોજેક્ટ તથા જુના દહીં પ્લાન્ટની બાંધકામની પરવાનગી, હારીજ નગરપાલિકામાં નવિન ઈ.ટી.પી. પ્લાન્ટ, નવિન મિલ્ક પેનલ રૂમ તથા સી.એસ. બિલ્ડીંગ અને નવા સ્ટાફ ક્વાટર્સના બ્લોકની અધૂરી પરવાનગીઓ મેળવી લેવાઈ છે. આજ રીતે, ખેરાલુ નગરપાલિકામાંથી નવિન યુટીલીટી તથા પ્રોસેસીંગ પ્લાન્ટ, એફ.ઓ.ટેન્ક, વી.સી.બી. રૂમ, ટોઈલેટ બ્લોક, ટેન્કર સ્ટેશન, નવા ક્વાટર્સનો બ્લોક, ઈ.ટી.પી. તથા તેની લેબ, જુના ક્વાટર્સ તથા ચીલીંગ સેન્ટરની પરવાનગીઓ મેળવી લેવાઈ છે. એવી જ રીતે, પાટણ નગરપાલિકામાંથી નવિન બનાવેલા પ્લાન્ટના ઉપરના માળે દહીં પ્લાન્ટ બનાવવાની બાંધકામ પરવાનગી મેળવી દૂધસાગરને સરકારી નિયમોથી સુરક્ષિત કરી તેના ભવિષ્યને સલામત કરી લેવામાં આવ્યું છે.

## દૂધસાગર કાર્યક્ષેત્રના કમલીવાડા ગામની આ ભેંસ



### ગુજરાતનું ઘરેણું બની

ગાંધીનગર પશુપાલન વિભાગ દ્વારા દૂધ ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા માટે દરવર્ષની જેમ આ વર્ષે પણ સૌથી વધુ દૂધ આપતાં પશુઓના માલિકોને પ્રોત્સાહિત કરવા માટે હરિફાઈ યોજાઈ હતી. જેમાં દૂધસાગર કાર્યક્ષેત્રના પાટણ તાલુકાના કમલીવાડા ગામના પશુપાલક દેસાઈ ઘેમરભાઈ વિરાભાઈની બન્ની પ્રજાતીની ભેંસ આખા દિવસ દરમ્યાન ૨૭ લિટર અને ૬૦૦ ગ્રામ દૂધ આપતી અને દૈનિક રૂા.૧૩૦૦ થી રૂા.૧૪૦૦ ની આવક આપતી ભેંસને સર્વશ્રેષ્ઠ ભેંસ તરીકે રૂા.૨૫૦૦૦ નો પુરસ્કાર રાજ્યના મુખ્યમંત્રીશ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ અંગે, દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં ઘેમરભાઈ દેસાઈ જણાવે છે કે આ ભેંસની તેઓ પરિવારના સભ્ય જેવી કાળજી રાખે છે. તેને પુરતુ પાણી મળી રહે તથા સવાર સાંજ આ ભેંસને તેઓ મકાઈ અને સાગરદાણનું મિશ્રિત આહાર આપે છે. આ ઉપરાંત, તેને લીલો ઘાસચારો, સૂકી ચાર અને બુલેટ ઘાસ આહારમાં આપે છે. આ ભેંસને કોઈ ખરીદદાર દ્વારા હમણાં પાંચ લાખ અગિયાર હજાર રૂપિયામાં માંગવામાં આવી છતાં પણ ઘેમરભાઈ અને તેમનો પરિવાર કોઈ સંજોગોમાં આ ભેંસ વેચવા તૈયાર નથી !! એક તરફ પશુપાલનના ધંધામાં ઘેમરભાઈ દેસાઈ જેવા ઉત્તમ પશુપાલકો માત્ર એક ભેંસ થકી માસિક ૪૫૦૦૦ ની આવક મેળવી રહ્યા છે ત્યારે પશુપાલનના ધંધા સાથે જોડાયેલા પરિવારો પણ ઘેમરભાઈ દેસાઈની જેમ પોતાના વ્યવસાયને સમર્પિત બની આ ધંધાને વૈતરૂં નહીં પણ શોખ માને તો ચોક્કસ ખાનગી નોકરીઓની ગુલામી કરવા કરતાં આત્મસન્માનથી રોટલો રળવાનું આ શ્રેષ્ઠ માધ્યમ છે. દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ ઘેમરભાઈ દેસાઈને આ સર્વ શ્રેષ્ઠ ઈનામ બદલ પોતાની શુભકામનાઓ પાઠવી હતી અને દૂધસાગર કાર્યક્ષેત્રના પશુપાલકો આવું ઉત્તમ પશુપાલન કરી દૂધસાગર તથા વિસ્તારને સમૃધ્ધ બનાવે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# દૂધના ભાવોમાં સૂશાસનની દશમી દસ્તક

દૂધસાગર પત્રિકાનો એપ્રિલ 2023 નો આ અંક આપના હાથમાં હશે ત્યારથી દૂધસાગર ડેરી દ્વારા કરવામાં આવતા દૂધના ખરીદ ભાવોમાં શ્રી.અશોકભાઈ ચૌધરી અને તેમના સાથી નિયામક મંડળ દ્વારા 26 માસના સૂશાસનનો દશમો ભાવ વધારો લાખો-લાખો દૂધ ઉત્પાદકોને મળતો થઈ જશે. તા.15 જાન્યુઆરી 2021 ના રોજથી શાસનની શરૂઆત કરી ત્યારે આ નવનિયુક્ત દૂધસાગરના રખેવાળો સામે અનેક પડકારો અને સમસ્યાઓ ઉભી હતી. પરંતુ, અડગ મનના મૂસાફરને હિમાલય નડતો નથી એ સૂક્તીને સાકાર કરવા આ ટીમ કટિબધ્ધ હતી. વહિવટીય કુનેહ, પારદર્શક અભિગમ, કરકસર, ખોટા ખર્ચાઓ ઉપર નિયંત્રણ, સંસ્થા ઉપર સતત ચેરમેનશ્રીની નજર, અધિકારીઓ સાથેનો તાલમેલ અને પશુપાલકો પ્રત્યેની ઉદાર નજર આખરે રંગ લાવી રહી છે. હવે, દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા આશરે છ લાખ પશુપાલકોને દૂધના ભાવોમાં પ્રતિકિલો ફેટે રૂપિયા 790 મળતા થશે. રૂપિયા 650 થી શરૂ થયેલ આ ભાવવધારાની પરંપરા આજે રૂપિયા 140 વધીને 790 પહોંચી છે આ દશમા ભાવ વધારા બાદ દૂધસાગરના પશુપાલકોને મહિને 7 કરોડ અને વર્ષે 84 કરોડ રૂપિયાનો સીધો ફાયદો પહોંચવા પામશે.



દૂધસાગર ડેરીમાં નવા નિયામક મંડળના અસ્તિત્વ બાદ એક અર્થમાં આખા મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે આપણી દૂધસાગર ડેરીને એક નવા દ્રષ્ટિકોણથી તોલવામાં - જોખવામાં અને તેનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. સંસ્થામાં બિન જરૂરીયાત વાળા ખર્ચાઓ બંધ કરી ઓછા સંશાધનો અને ઓછા માનવ કલાકો થકી વધુમાં વધુ શ્રેષ્ઠ ઉત્પાદન કરવા માટે MD શ્રી. સહિત સમગ્ર અધિકારીઓની ટીમ રાઉન્ડ ધ કલોક મહેનત કરી રહી છે. કર્મચારીઓમાં ઉત્કૃષ્ટ સંઘ ભાવના પેદા થાય તથા દૂધસાગર સંસ્થાને પશુપાલકોની સંસ્થા માની એક સાક્ષી ભાવથી (ટ્રસ્ટી ભાવથી) જોવામાં આવે તથા પશુપાલકોને થયેલા છેલ્લા એક દાયકાના અન્યાયને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ઉદારભાવ પશુપાલકો તરફ દાખવવામાં આવે અને મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પશુપાલનનો વ્યવસાય ભૂતકાળની ભવ્યતા પ્રાપ્ત કરી નવા ભવિષ્ય તરફ પ્રગતિના પગલાં કરે અને નવી પેઢીના જરૂરીયાતમંદ પશુપાલકો તથા ખેડૂતો આ વ્યવસાયને અપનાવી આત્મ સન્માન સાથે ગ્રામીણ ભારતના અર્થતંત્રને આગવી મજબૂતી આપી એક નવા ભારતના નિર્માણમાં તેઓ સહયોગી બને એ દિશામાં રોજબરોજ નવા યુગની - નવી જરૂરીયાત તથા નવા આવિષ્કારો અને નવા સંશોધનોનો સહકાર લઈ હાલ ... અશોકભાઈ ચૌધરી સહિતના નિયામક મંડળના સોળે સોળ સભ્યો એક તપસ્યા કરી રહ્યા છે. જેને ઈશ્વર આશિર્વાદ પણ પ્રાપ્ત થઈ રહ્યા છે.

**દશમી દસ્તક**
1 એપ્રિલ 2023
790

**નવમી દસ્તક**
1 જાન્યુઆરી 2023
770

**આઠમી દસ્તક**
11 નવેમ્બર 2022
750

**સાતમી દસ્તક**
21 ઓક્ટોબર 2022
740

**છઠ્ઠી દસ્તક**
21 ઓગષ્ટ 2022
730

**પાંચમી દસ્તક**
21 જૂન 2022
720

**ચોથી દસ્તક**
21 મે 2022
710

**ત્રીજી દસ્તક**
1 માર્ચ 2022
700

**બીજી દસ્તક**
11 જુલાઈ 2021
680

**પ્રથમ દસ્તક**
1 માર્ચ 2021
670

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિદ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા